ખેડા જિલ્લામાં મેઘરાજાની ધમાકેદાર એન્ટ્રી | ગળતેશ્વરમાં ૨.૫ ઇંચ વરસાદ સાથે ઠંડક પ્રસરી

# નડિયાદના પ્રથમ વરસાદમાં નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાયા

**કાળઝાળ ગરમીમાંથી** મુક્તિ મળતા જનજીવનમાં હર્ષની લાગણી પ્રસરી

(પ્રતિનિધિ) નડિયાદ તા.૧૮

ખેડા જિલ્લામાં લાંબા વિરામ બાદ આખરે સિઝનનો પહેલો સત્તાવાર વરસાદ વરસ્યો છે. મોડી રાતથી જ વાતાવરણમાં આવેલા પલટા અને આકાશમાં કાળા ડિબાંગ વાદળોના ઘેરાવા બાદ સમગ્ર જિલ્લામાં ઠંડા પવન સાથે વરસાદ પડતા લોકોને અસહ્ય ગરમીમાંથી આંશિક રાહત મળી છે.

નડિયાદ પાલિકાની પ્રિ-મોન્સુન કામગીરીની પોલ પ્રથમ વરસાદે જ ખોલી દીધી છે. શહેરના મુખ્ય માર્ગો, બજારો અને ગરનાળા પાણીમાં ગરકાવ થઈ જતાં વાહનચાલકો અને રાહદારીઓને ભારે હાલાકી ભોગવવી પડી હતી. સ્થાનિકોમાં એવો રોષ જોવા મળી રહ્યો છે કે લાખો રૂપિયાના ખર્ચે થતી સફાઈ ઝુંબેશ માત્ર કાગળ પર જ રહી છે, જેના કારણે સામાન્ય વરસાદમાં પણ લોકોએ ગંદા પાણીમાંથી પસાર થવા મજબૂર બનવું પડ્યું છે.

ખેડા જિલ્લા કંટ્રોલ રૂમના જણાવ્યા મુજબ, ખેડા જિલ્લાના મોટાભાગના તાલુકાઓમાં ૧૭મી જૂનના રોજ વરસાદ નોંધાયો છે, જેની સરેરાશ ૨૦ મિમી જેટલી થાય છે. જેમાં સૌથી વધુ વરસાદ ગળતેશ્વર તાલુકામાં ૫૭ મીમી અને





કપડવંજમાં ૫૫ મીમી ખાબક્યો છે. અન્ય તાલુકાઓની વાત કરીએ તો કઠલાલમાં ૩૨ મીમી, નડિયાદમાં ૨૩ મીમી, મહુધામાં ૨૧ મીમી, ઠાસરામાં ૧૪ મીમી અને ફાગવેલમાં ૧૨ મીમી વરસાદ નોંધાયો છે. જોકે, ખેડા અને માતર તાલુકા હજુ પણ કોરા રહ્યા છે.

ખેડા જિલ્લામાં વરસાદના આગમન સાથે જ ખેડૂતોમાં ખુશીની લહેર જોવા મળી રહી છે અને આગામી દિવસોમાં વાવણીની કામગીરી વેગ પકડશે તેવી આશા બંધાઈ છે. હવામાન વિભાગની આગાહી મુજબ, આગામી સમયમાં ૪૦ કિમીની ઝડપે પવન ફૂંકાવાની સાથે ગાજવીજ સાથે વરસાદ પડવાની સંભાવના છે. સાબરકાંઠા, આણંદ અને પંચમહાલ જેવા પડોશી જિલ્લાઓને પણ ચેતવણી આપવામાં આવી છે.

ગુજરાત રાજ્યના હવામાન વિભાગ દ્વારા પણ મહીસાગર, અમદાવાદ, ખેડા, દાહોદ, આણંદ, ભરૂચ, સુરત અને ડાંગ જેવા જિલ્લાઓમાં છૂટાછવાયા સ્થળોએ હળવો વરસાદ પડવાની શક્યતા દર્શાવવામાં આવી છે.

## ડાકોરમાં વરસાદ સાથે પાલિકાની પ્રી-મોન્સૂન કામગીરીની પોલ ખુલી

**સ્ટ્રોમ વોટર** લાઈનનું આયોજન નિષ્ફળ જતાં પાલિકાએ જેસીબી ફેરવવું પડ્યું



(પ્રતિનિધિ) ડાકોર તા.૧૮

સુપ્રસિદ્ધ યાત્રાધામ ડાકોરમાં મેઘરાજાની પ્રથમ પધરામણીએ જ પાલિકાના વહીવટના ધજાગરા ઉડાડ્યા છે. તંત્રની નિષ્ક્રિયતા અને અણઘડ આયોજનને કારણે માત્ર એક જ વરસાદમાં શહેરના અનેક વિસ્તારો જળમગ્ન બનતાં પ્રજાને હાલાકી વેઠવી પડી હતી.

ડાકોરમાં રાત્રિ દરમિયાન પડેલા વરસાદે પાલિકાના પ્રી-મોન્સૂન કામગીરીના દાવાઓ પોકળ સાબિત કર્યા છે. ગેસ કનેક્શન માટે ખોદવામાં આવેલા ખાડાઓ માત્ર માટીથી પૂરી દેવાતા વરસાદમાં તે મસમોટા ખાડામાં ફેરવાઈ ગયા છે. આ ખાડાઓમાં પાણી ભરાવાને કારણે અનેક રાહદારીઓ તેમાં પટકાયા છે અને કેટલાકને નાની-મોટી ઈજાઓ પણ પહોંચી છે. રહિશોના જણાવ્યા અનુસાર, પાલિકા મોટી દુર્ઘટનાની રાહ જોઈ રહી હોય તેમ જણાય છે.

બીજી તરફ, સ્ટ્રોમ વોટર લાઈનનું આયોજન પણ સદંતર નિષ્ફળ રહ્યું છે. પાણીનો નિકાલ ન થતા અંતે ગણેશ ટોકીઝ પાસે પાલિકાએ જેસીબી મશીન લાવીને બાંધકામ તોડવાની નોબત આવી હતી. હાલમાં યમુના કુંજ, સ્વસ્તિક સોસાયટી અને પ્રણામી મંદિર જેવા વિસ્તારોમાં પાણી ભરાઈ જવાથી રહીશોને ભારે મુશ્કેલી પડી રહી છે.

## કપડવંજમાંમેઘરાજાનીએન્ટ્રી ૫૫ મિમી વરસાદ ખાબક્યો

**નિરમાલીમાં** વીજળી પડતા બે પશુના મોત અને મુખ્ય ડીપીમાં આગ લાગતા અંધારપટ છવાયો




(પ્રતિનિધિ) કપડવંજ તા.૧૮

કપડવંજ પંથકમાં બુધવારની રાત્રે ગાજવીજ અને વાવાઝોડા સાથે વરસેલા બે ઈંચથી વધુ વરસાદે મિશ્ર માહોલ સર્જ્યો છે. વાવણીના સમયે જ વરસાદ પડતા ધરતીપુત્રોમાં આનંદ ફેલાયો છે,

કપડવંજ તાલુકાના વિવિધ વિસ્તારોમાં બુધવારની મોડી રાત્રે ભારે પવન અને વીજળીના કડાકા સાથે વરસાદ તૂટી પડ્યો હતો. આ વરસાદમાં સિહોરા વિસ્તારમાં પપૈયાના પાકને ભારે નુકસાન થયું છે અને ખેતરોમાં પાણી ભરાઈ જવાથી ખેડૂતો ચિંતામાં મુકાયા છે. દુર્ભાગ્યવશ, નિરમાલી ગામની સીમમાં વીજળી પડવાથી બે પશુઓના કરુણ મોત નીપજ્યા છે.

કપડવંજના આઝાદ ચોક ખાતે આવેલી મધ્ય ગુજરાત વીજ કંપનીની ડીપીમાં શોર્ટ સર્કિટના કારણે ધડાકા સાથે આગ લાગતા સમગ્ર વિસ્તારનો વીજ પુરવઠો લાંબા સમય સુધી ખોરવાઈ ગયો હતો. આ દુર્ઘટનાને કારણે સ્થાનિકોમાં ભયનો માહોલ જોવા મળ્યો હતો.

## બાલાસિનોરના સલિયાવડીમાં ભારે વરસાદ વચ્ચે શાળાની દિવાલ પડી

**વરસાદી** પાણીના નિકાલના અભાવે દીવાલ પડતાં કામની ગુણવત્તા સામે સવાલો ઉઠ્યા

(પ્રતિનિધિ) બાલાસિનોર તા.૧૮

બાલાસિનોર તાલુકામાં હાલમાં પડી રહેલા વરસાદને કારણે જનજીવન પ્રભાવિત થયું છે, ત્યારે તાલુકાના સલિયાવડી ગામે આવેલી પ્રાથમિક શાળાની કેમ્પસ વોલ (કમ્પાઉન્ડ વોલ) રાત્રિ દરમિયાન અચાનક ધરાશાયી થઈ હોવાની ઘટના સામે આવી છે.

પ્રાપ્ત વિગતો અનુસાર, સલિયાવડીની શાળાના સંકુલમાં વરસાદી પાણીના નિકાલની યોગ્ય વ્યવસ્થા ન હોવાને કારણે દીવાલ પડી ગઈ હોવાનું પ્રાથમિક દ્રષ્ટિએ જણાઈ રહ્યું છે.



શાળાની દીવાલ પડવાની સાથે જ સ્થાનિકોમાં કામની ગુણવત્તાને લઈને વ્યાપક ચર્ચાઓ શરૂ થઈ છે. લોકમુખે એવી ચર્ચા થઈ રહી છે કે દીવાલનું કામ યોગ્ય ગુણવત્તાવાળું ન હોવાથી તે વરસાદી પાણીનું દબાણ સહન કરી શકી નથી. આ બાબતને લઈને સોશિયલ મીડિયામાં પણ ગરમાવો જોવા મળ્યો છે.

ઉલ્લેખનીય છે કે, સમગ્ર બાલાસિનોર તાલુકામાં વરસાદને કારણે ખેતરોમાં પાણી ભરાઈ ગયા છે અને ઠેર-ઠેર ખાડા-ખાબોચિયાને કારણે માર્ગોની હાલત પણ બિસ્માર થઈ ગઈ છે. જોકે, શાળાની દીવાલ ધરાશાયી થવાની ઘટનાએ સરકારી કામોમાં તંત્રની બેદરકારી સામે આંગળી ચીંધી છે.

## સગીરા પર દૂષ્કર્મ ગુજારવાના કેસમાં ૨૦ વર્ષની સખત કેદ

(પ્રતિનિધિ) નડિયાદ તા.૧૮

ઠાસરા તાલુકાના નવા દુધાપુરા વિસ્તારમાં શાળાએ જતી સગીરાને આંતરી, ડરાવી-ધમકાવી અવારનવાર દુષ્કર્મ આચરવાના ગંભીર ગુનામાં નડિયાદની સ્પેશિયલ પોક્સો કોર્ટે સંજયસિંહ રૂપસિંહ ચાવડાને ૨૦ વર્ષની સખત કેદ અને કુલ રૂ. ૪૫,૦૦૦ના દંડની સજા ફટકારી છે. આ ઉપરાંત, ભોગ બનનાર સગીરાને રૂ.એક લાખનું વળતર ચૂકવવાનો પણ હુકમ કર્યો છે.

આ કેસની વિગતો મુજબ, ઠાસરાના નવા દુધાપુરાનો શખ્સ સંજયસિંહ ચાવડા છેલ્લા બે વર્ષથી ૧૬ વર્ષીય સગીરા જ્યારે શાળાએ જતી ત્યારે તેનો પીછો કરી હેરાન કરતો હતો. આરોપીએ સગીરાની એકલતાનો લાભ લઈ તેને પટાવી-ફોસલાવી અલગ-અલગ સ્થળોએ લઈ જઈ મરજી વિરુદ્ધ દુષ્કર્મ આચર્યું હતું. ગત ૬ મે ૨૦૨૨ ના રોજ બોડી ગામે એક મકાનમાં સગીરા પર બળાત્કાર ગુજારી 'કોઈને કહીશ તો જાનથી મારી નાખીશ' તેવી ધમકી પણ આપી હતી. આ અંગે ડાકોર પોલીસ મથકે ફરિયાદ નોંધાતા પોલીસે પોક્સો એક્ટ અને આઈપીસીની વિવિધ કલમો હેઠળ ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી.

આ કેસ નડિયાદની સ્પેશિયલ પોક્સો કોર્ટમાં ચાલવા પર આવતા સરકારી વકીલ યોગીબેન કે. બારોટ દ્વારા ધારદાર દલીલો રજૂ કરવામાં આવી હતી. કોર્ટે ૨૧ દસ્તાવેજી પુરાવા અને ૧૧ સાક્ષીઓની જુબાનીને પાયારૂપ ગણી આરોપીને કસૂરવાર ઠેરવ્યો હતો. કોર્ટે સ્પષ્ટ કર્યું હતું કે જો આરોપી દંડની રકમ નહીં ભરે તો તેણે વધુ સજા ભોગવવી પડશે.

### શિક્ષણ મેળવવા જતી દીકરી પર બે વર્ષ સુધી 'વોચ' ગોઠવી જાળ બિછાવી

સંજયસિંહની ગુનાહિત માનસિકતા આ કેસમાં ખુલ્લી પડી છે. તે માત્ર એક દિવસ નહીં, પણ સતત બે વર્ષ સુધી સગીરા પર નજર રાખતો હતો. દીકરી જ્યારે ઘરની બહાર શિક્ષણ મેળવવા નીકળતી, ત્યારે તે માર્ગમાં તેનો પીછો કરી તેને લલચાવવાનો અને ડરાવવાનો પ્રયાસ કરતો હતો. મીઠાપુર ભાઠોડા અને નવા દુધાપુરા વિસ્તારમાં પણ તેણે આ જ પ્રકારે ત્રાસ આપ્યો હોવાનું બહાર આવ્યું છે.

ખેડામાં બેદરકાર કોન્ટ્રાક્ટરોએ શહેરને લીધું બાનમાં લીધું છતાં અધિકારીઓ ચૂપ

## ખેડાના મુખ્ય માર્ગો પર રેતી-કપચીના ઢગલાથી અકસ્માતોની વણઝાર

**એક યુવકને** હાથમાં પ્લેટ નાખવી પડી, મંદિરે જતા શ્રદ્ધાળુઓ અને સ્થાનિકોમાં રોષ



(પ્રતિનિધિ) ખેડા તા.૧૮

ખેડા શહેરમાં ચાલી રહેલા વિકાસના કામોમાં કોન્ટ્રાક્ટરોની ઘોર બેદરકારી સામે આવી છે. શહેરના વિવિધ વિસ્તારોમાં નિયમોનું ઉલ્લંઘન કરીને રસ્તાની વચ્ચે જ બાંધકામનું મટીરીયલ ઠાલવી દેવાતા સામાન્ય જનતા માટે આશીર્વાદરૂપ વિકાસ હવે શ્રાપ બની રહ્યો છે.

ખેડા-મહેમદાવાદ રોડ પર આવેલા બાયપાસ હનુમાનજી મંદિર જવાના માર્ગ પર રેતી અને કપચીના ઢગલા કરી દેવામાં આવ્યા છે. આ અવરોધોને કારણે અત્યાર સુધીમાં અંદાજે 4 જેટલા વાહનચાલકો સ્લિપ ખાઈને પટકાયા છે. આ અકસ્માતોમાં એક વ્યક્તિને એટલી ગંભીર ઈજા પહોંચી છે કે તેના હાથમાં પ્લેટ નાખવાની નોબત આવી છે. દર શનિવારે હનુમાનજીના દર્શને જતા હજારો શ્રદ્ધાળુઓ આ સ્થિતિને કારણે ભારે હાલાકી ભોગવી રહ્યા છે.

બીજી તરફ, દશામાં મંદિર પાસેના મુખ્ય માર્ગ પર પણ કોન્ટ્રાક્ટર દ્વારા રસ્તો સંપૂર્ણપણે બ્લોક કરી દેવામાં આવ્યો છે. ગામમાં પ્રવેશવાનો મુખ્ય રસ્તો જ બંધ કરી દેવાતા સ્થાનિકોને ભારે હાલાકી વેઠવી પડી રહી છે. તંત્રની રહેમનજર હેઠળ ચાલતી કોન્ટ્રાક્ટરોની મનસ્વી કામગીરી અને જનતાની સુરક્ષા પ્રત્યેની ઉદાસીનતા સામે શહેરભરમાં ભારે રોષ ભભૂકી રહ્યો છે. જો સમયસર પગલાં લેવામાં નહીં આવે તો મોટા જન આંદોલનની પણ શક્યતા દેખાઈ રહી છે.

## નડિયાદમાં ભાજપ અગ્રણી પર હુમલામાં ૪ની ધરપકડ

(પ્રતિનિધિ) નડિયાદ તા.૧૮

ખેડા જિલ્લાના મુખ્ય મથક નડિયાદમાં ભાજપ કિસાન મોરચાના મહામંત્રી પ્રકાશ પરમાર પર થયેલા હિંસક હુમલાના મામલે નડિયાદ ટાઉન પોલીસે મોટી સફળતા મેળવી છે. પોલીસે આ ઘટનામાં સીધી રીતે સંકળાયેલા મુખ્ય 4 હુમલાખોરોની ધરપકડ કરી તેઓને જેલ હવાલે કર્યા છે,

નડિયાદ શહેરની ડી માર્ટ ચોકડી પાસેથી ગત શનિવારે રાત્રે જ્યારે પ્રકાશ પરમાર પસાર થઈ રહ્યા હતા, ત્યારે પૂર્વ આયોજિત કાવતરાના ભાગરૂપે એક ટોળાએ અચાનક ધસી આવી તેમને ઘેરી લીધા હતા. હુમલાખોરોએ લાકડીઓ અને અન્ય ઘાતક હથિયારો વડે હુમલો કરતા પ્રકાશ પરમાર લોહીલુહાણ હાલતમાં રસ્તા પર ઢળી પડ્યા હતા. પ્રાથમિક તપાસમાં આ હુમલો કોઈ તત્કાલીન ઝઘડો નહીં પરંતુ જૂની અદાવત અને મનદુઃખ રાખીને કરવામાં આવ્યો હોવાનું બહાર આવ્યું છે.

નડિયાદ ટાઉન પોલીસે રાયોટિંગનો ગુનો નોંધી સીસીટીવી ફૂટેજ અને બાતમીદારોના આધારે તપાસ તેજ કરી હતી. આ કેસમાં પોલીસે ચિરાગ રસિકભાઈ ચાવડા, ગોપાલ ઉર્ફે ગોપુ રસિકભાઈ ચાવડા, નીતિન ઉર્ફે ગોપાલ જયંતિ પરમાર, મહેન્દ્ર છોટાભાઈ ચાવડાની ધરપકડ કરી હતી. જ્યારે હુમલાખોરો દ્વારા ઉપયોગમાં લેવાયેલી ૧ કાર, ૧ બુલેટ અને ૨ ટુ-વ્હીલર પણ જપ્ત કર્યા છે. આ તમામ આરોપીઓને સ્થાનિક કોર્ટમાં રજૂ કરવામાં આવતા કોર્ટે તેમને જ્યુડિશિયલ કસ્ટડી (જેલ) માં મોકલવાનો આદેશ કર્યો છે.

ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

ગતિવિધિ

આપના સમાજ, સંસ્થા, સોસાયટી કે જૂથના કાર્યક્રમોને 'ગુજરાતમિત્ર' આણંદ પ્રસિદ્ધ કરશે. આપની જાહેર ખબર પ્રેસનોટ, અવસાન નોંધ નીચેના સરનામે મોકલી આપો.

આણંદ : SF-223 એક્વેરીયસ કોમ્પલેક્ષ, કૃષ્ણ રોડ, ગોપાલ ચોકડી.
E-mail : gujmitraanand@gmail.com
મો. 99784 40509
નડિયાદ : પહેલો માળ, ભારત ભૂવન, તાલુકા પંચાયત સામે, નડિયાદ.
E-mail : gujmitranadiad@gmail.com

## બોરસદ તાલુકા પંચાયતની સભામાં સમિતિઓ રચાઈ

(પ્રતિનિધિ) આણંદ તા.૧૮

બોરસદ તાલુકા પંચાયતની પ્રથમ સામાન્ય સભા કેબિનેટ મંત્રી રમણભાઈ સોલંકીની વિશેષ ઉપસ્થિતિમાં તાલુકા પંચાયત પ્રમુખ સોનલબેન યોગેશભાઈ પટેલના અધ્યક્ષસ્થાને યોજાયેલી સભામાં તાલુકાના વિકાસને લગતા વિવિધ મુદ્દાઓ પર ચર્ચા કરવામાં આવી હતી. એજન્ડા મુજબના જરૂરી ઠરાવો સર્વાનુમતે મંજૂર કરાયા હતા.

આ સભામાં તાલુકા પંચાયતની વિવિધ સમિતિઓની રચના અંગે કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. પ્રથમ સામાન્ય સભામાં કારોબારી સમિતિ અને સામાજિક ન્યાય સમિતિના ચેરમેન તેમજ સભ્યોની સર્વાનુમતે વરણી કરવામાં આવી. જેમાં કારોબારી સમિતિના ચેરમેન તરીકે ઘનશ્યામભાઈ સોમાભાઈ ગોહેલની પસંદગી કરવામાં આવી હતી. આ સમિતિમાં નીકીતાબેન ભાવિનકુમાર પટેલ, ધર્મેશભાઈ શૈલેષભાઈ પટેલ, શિવાંગી મિહિરકુમાર પટેલ, જયકુમાર અરવિંદભાઈ સોલંકી, વર્ષાબેન ભુપેન્દ્રભાઈ સોલંકી, વિષ્ણુભાઈ ખોડાભાઈ ઠાકોર, પુષ્પાબેન અશોકભાઈ પરમાર અને હેતલભાઈ હર્ષદભાઈ પટેલને સભ્ય તરીકે નિયુક્ત કરાયા.

સામાજિક ન્યાય સમિતિના ચેરમેન તરીકે ચંદ્રકાંત કેશવભાઈ વાઘેલાની વરણી થઈ હતી. આ સમિતિમાં પ્રિયંકાબેન અલ્પેશભાઈ પરમાર, વિજયભાઈ લક્ષ્મણભાઈ સોનેરા, જગદીશભાઈ ડાહ્યાભાઈ અને મહેશભાઈ મોતીભાઈ મકવાણાને સભ્ય તરીકે સ્થાન આપવામાં આવ્યું હતું.

## આણંદમાં રોજગાર યોજનાના બીજા હપ્તાના લાભો અપાશે

(પ્રતિનિધિ) આણંદ તા.૧૮

આણંદના વિઠ્ઠલ ઉદ્યોગનગર ઈન્ડસ્ટ્રીઝ એસોસિએશન હોલ ખાતે ૧૯મી જૂનના રોજ કર્મચારી ભવિષ્ય નિધિ સંગઠન દ્વારા એક વિશેષ પ્રાદેશિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. આ સમારોહમાં આણંદના પ્રભારી મંત્રી સંજયસિંહ મહિડાની પ્રેરક ઉપસ્થિતિમાં વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી દિલ્હીથી વર્ચ્યુઅલ સંબોધન કરશે અને 'પ્રધાનમંત્રી વિકસિત ભારત રોજગાર યોજના' હેઠળ લાભાર્થીઓને પ્રોત્સાહક લાભોનો બીજો હપ્તો જાહેર કરશે. નોંધનીય છે કે ઈપીએફઓ કચેરી ગુજરાતના આણંદ, ખેડા, અમરેલી સહિતના ૬ જિલ્લાઓમાં ૭ હજાર સંસ્થાઓના ૪ લાખ સભ્યો અને ૨૧ હજાર પેન્શનરોને સેવા પૂરી પાડે છે.

ખેડા હાઈસ્કૂલ પાસે અકસ્માતો રોકવા ધારાસભ્ય એક્શન મોડમાં આવ્યાં

## ખેડા શહેરમાં અકસ્માત રોકવા કેમ્પ તરફ વાહનો ડાયવર્ટ કરાશે

**કલેક્ટર** ટૂંક સમયમાં જાહેરનામું બહાર પાડશે

(પ્રતિનિધિ) ખેડા તા.૧૮

ખેડાની એચ. એન્ડ ડી. પારેખ હાઈસ્કૂલ પાસે સર્જાયેલી ગંભીર ઘટનાને પગલે માતરના ધારાસભ્ય કલ્પેશભાઈ પરમારે આજે વહીવટી તંત્રના ઉચ્ચ અધિકારીઓ સાથે ઘટનાસ્થળની મુલાકાત લીધી હતી. ભવિષ્યમાં આવી દુર્ઘટનાઓનું પુનરાવર્તન ન થાય તે માટે ધારાસભ્યએ સ્થળ પર જ જરૂરી સૂચનાઓ આપી ટ્રાફિકના કાયમી ઉકેલ માટે ચર્ચા કરી હતી.

આ મુલાકાત દરમિયાન ખેડા મામલતદાર, ટાઉન પી.એસ.આઈ., પાલિકાના ચીફ ઓફિસર અને માર્ગ-મકાન વિભાગના કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા. ધારાસભ્ય કલ્પેશભાઈ પરમારે જણાવ્યું હતું કે, આ ગંભીર પ્રશ્ને કલેક્ટર સાથે ચર્ચા કરવામાં આવી છે અને બે-ત્રણ દિવસમાં કલેક્ટર દ્વારા નવું જાહેરનામું બહાર પાડવામાં આવશે.



ખેડા નવી વ્યવસ્થા મુજબ, વિઠ્ઠલપુરા અને ખેડા ચોકડી ખાતે પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવશે. આ સાથે જ વિઠ્ઠલપુરા તરફથી આવતા ટ્રાફિકને ખેડા કેમ્પ તરફ વાળવામાં આવશે, જેથી હાઈસ્કૂલ પાસે વાહનોનું ભારણ ઘટે અને વિદ્યાર્થીઓની સુરક્ષા સુનિશ્ચિત કરી શકાય. આ પ્રસંગે ખેડા નગરપાલિકાના ચૂંટાયેલા સભ્યો પણ હાજર રહીને આયોજનમાં સહભાગી થયા હતા.